# પ્રસાર ભારતી

## પ્રાદેશિક સમાચાર વિભાગ, અમદાવાદ

તારીખ : 03-04-2024 સવારે : 7.10 થી 7.20

- ✓ કેન્દ્રીય ચૂંટણી પંચે લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ કરી.
- ✓ લોકસભા ચૂંટણી સંદર્ભે રાજયમાં મતદાર જાગૃતિના વિવિધ કાર્યક્રમો યોજાઇ રહ્યા છે.
- ✓ વિદેશમંત્રી એસ. જયશંકરે વૈશ્વિક શાંતિ, સ્થિરતા, સમૃદ્ધિ માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો છે.
- ✓ અમૂલ ડેરીએ વર્ષ 2023-24માં નવ ટકા વધારા સાથે 12 હજાર 880 કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યું છે.
- ✓ ધોરણ 12 પછી યુજી કોર્સીસમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર નોંધણી માટે 471 હેલ્પ સેન્ટરો જાહેર કરાયા છે.

## EC MYTH VS REALITY

કેન્દ્રીય ચૂંટણી પંચે આ વખતની લોકસભાની સામાન્ય ચૂંટણીમાં ખોટી માહિતીના ફેલાવાને રોકવા માટે મિથ વર્સેસ રિયાલિટી માઈક્રો સાઈટ શરૂ કરી છે.

આ મંચ ચૂંટણી પંચની અધિકૃત વેબસાઇટ દ્વારા લોકો માટે ઉપલબ્ધ છે.

ચૂંટણી પંચની યાદીમાં જણાવ્યું છે કે આ મંચનો ઉપયોગ માહિતીની ચકાસણી કરવા, ખોટી માહિતીનો ફેલાવો અટકાવવા, ગેરમાન્યતાઓને દૂર કરવા અને સાચી માહિતી વિશે માહિતગાર રહેવા માટે કરી શકાય છે.

.................

## VOTING AWARENESS

આગામી લોકસભા સામાન્ય ચૂંટણીને લઈને રાજ્યમાં મતદાન જાગૃતિ અંગેના વિવિધ કાર્યક્રમયોજાઇ રહ્યા છે.

જે અંતર્ગત  સાબરકાંઠા ના ખેડબ્રહ્મા માર્કેટ ખાતે  વેપારીઓ અને મજૂર કામદારોને જિલ્લા કલેકટરશ્રી દ્વારા  મતદાનના મહત્વ વિશે સમજાવવામાં આવ્યું હતું અને તેઓ પરિવાર સાથે અચૂક મતદાન કરે તે માટે શપથ લેવડાવવામાં આવ્યા હતા. ચૂંટણી પ્રક્રિયામાં વરિષ્ઠ નાગરિકો સરળતા થી મતદાન કરી શકે તે માટે ચૂંટણી તંત્ર દ્વારા વિશેષ વ્યવસ્થાઓ  કરવામાં આવી રહી છે.

સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના  સંસદીય મતદાર વિભાગમાં સાત વિધાનસભા મતદાન વિભાગનો સમાવેશ થાય છે. જેમાં લોકશાહી પર્વને વધુ મજબૂત બનાવવા બંને જિલ્લાના ૧૦૦ વર્ષથી વધુ વય ધરાવતા ૩૦૨ વરીષ્ઠ મતદારો નોંધાયા છે. જેઓ આ ચૂંટણી મહાપર્વમાં જોડાઇને અન્ય મતદારો માટે પ્રેરણારૂપ બનશે.

રાજકોટ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા સ્વીપ અંતર્ગત વોટીંગ પ્રીમિયર લીગ કાર્યક્રમ યોજાઇ ગયો .જેમાં ચૂંટણી આઈકોન ક્રિકેટર  ચેતેશ્વર પુજારા સાથે વિવિધ શાળા, કોલેજોના યુવા મતદારોએ ગોષ્ઠિ કરી હતી. તેવી જ રીતે દિવ્યાંગ આઇકોન શૈલેષભાઈ પંડ્યાએ લોકોને મતદાનની અપીલ કરતા કહ્યું હતું કે, સમાજના અવિભાજ્ય અંગ તરીકે અમે દિવ્યાંગો પણ આગામી લોકસભા ચૂંટણી માટે મતદાન કરવા માટે તૈયાર છીએ.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ જણાવે છે કે જિલ્લાભરમાં ‘સ્વીપ’ પ્રવૃતિઓ અંતર્ગત આઈસીડીએસ વિભાગ દ્વારા પાટણ જિલ્લાના સાંતલપુર અને રાધનપુર તાલુકા વિસ્તારના ગામોમાં ભવાઈ ભજવીને લોકોને મતદાન પ્રત્યે જાગૃત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

ગુજરાત યુનિવર્સિટી ખાતે  યોજાયેલા મતદાર જાગૃતિ કાર્યકરમાં સમાજશાસ્ત્ર વિભાગના પ્રજ્ઞાચક્ષુ યુવાનોએ લીધા અચૂક મતદાનના શપથ લીધા હતા . આ કાર્યકમમાં પ્રજ્ઞાચક્ષુ મતદારોને સક્ષમ એપ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવીબીજી તરફ  જિલ્લા શિક્ષણાધિકારી કચેરી અમદાવાદ શહેર દ્વારા માધ્યમિક અને ઉચ્ચ્તર. માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરી ગયેલા 18 વર્ષથી ઉપરની વયના

ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને શાળા કક્ષાએ સન્માન કરી મતદાન જાગૃતિનું મહત્વ સમજાવવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ શહેરના અંદાજિત 35 હજારથી વધુ ભૂતપૂર્વ વિધાર્થીઓએ પોતાની શાળાઓમાં પધારીને અવશ્ય મતદાન કરવાના શપથ લીધા હતા .

.................

## CONGRESS COUNCIL

કોંગ્રેસ પ્રદેશ એકમ દ્વારા ગઇકાલે યોજાયેલી પત્રકાર પરિષદમાં અમદાવાદ શહેર કોંગ્રેસ સમિતિમાં પ્રમુખ હિંમતસિંહ પટેલે કેન્દ્ર સરકારની ઇલેકટ્રોલ બોન્ડ યોજના પર આકરા પ્રહાર કર્યા હતા.

ઇલેક્ટ્રોલ બોન્ડના નામે નાણાંકીય ગેરરીતિ થયાનો આક્ષેપ મુકતા તેમણે આ ગેરરીતિની તપાસ માટે વિશેષ તપાસ સમિતિ – SITની રચના કરવાની માંગણી કરી હતી.

આ પરિષદમાં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રવક્તા ડો.મનીષ દોશી, મહામંત્રી બળદેવ લુણી સહિત મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

.................

## CONGRESS LIST

કોંગ્રેસે લોકસભા ચૂંટણી માટે 17 ઉમેદવારોની વધુ એક યાદી ગઇકાલે જાહેર કરી છે.

કોંગ્રેસ દ્વારા ગત 21 માર્ચે જાહેર કરાયેલી યાદીમાં રાજ્યની 11 લોકસભા બેઠક પર ઉમેદવારોના નામ જાહેર કરાયા હતા.

આ સાથે કોંગ્રેસ અત્યાર સુધીમાં 231 ઉમેદવારોના નામો જાહેર કર્યા છે. આમ કોંગ્રેસ દ્વારા અત્યાર સુધીમાં ગુજરાતની 17 બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરાઈ ચૂક્યા છે.

.................

## TRAINING OF WOMEN POLLING STAFF

લોકસભા સામાન્ય ચુંટણી અંતર્ગત સાબરકાંઠા જિલ્લા ચૂંટણી અધિકારી નૈમેષ દવેની ઉપસ્થિતિમાં હિંમતનગર અને ખેડબ્રહ્મા વિધાનસભા મતવિસ્તારમાં મહિલા પોલીંગ સ્ટાફની તાલીમ યોજાઇ ગઈ.

અમારા સાબરકાંઠાના પ્રતિનિધિ યોગેશ સથવારા જણાવે છે કે ચારે વિધાનસભા મત વિસ્તારમાં કુલ ૩હજાર ૪૯૪ મહિલા ચૂંટણી કર્મિઓને તાલીમ આપવામાં આવી હતી.

જેમાં કર્મચારીઓને ચૂંટણી પુર્વે, ચૂંટણી દરમિયાન અને ત્યાર બાદ ધ્યાને લેવાની બાબતો ચૂંટણી પ્રક્રિયા અંગે વિસ્તૃત માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

.................

## CM

આગામી લોકસભા ચૂંટણીને અનુલક્ષીને મહીસાગર જિલ્લાના લુણાવાડામાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની અધ્યક્ષતામાં ભાજપ પદાધિકારીઓની બૃહદ કાર્યકર્તા બેઠક યોજાઈ ગઈ.

આ બેઠકમાં લોકસભાની ચુંટણીને લઈ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ બેઠકમાં શિક્ષણમંત્રી, સાંસદો, ધારાસભ્યો અને મોટી સંખ્યામાં ભાજપના કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

આ બેઠક બાદ મુખ્યમંત્રીએ સામાજિક આગેવાનોએ સાથે સંવાદ સાધ્યો હતો જેમાં જિલ્લાની મુખ્ય સમસ્યાઓ અંગે રજૂઆત કરવામાં આવી હતી. જેને મુખ્યમંત્રીએ આગામી સમયમાં ઉકેલવાની હૈયાધારણ આપી હતી.

.................

## DR. JAISHANKAR

વિદેશમંત્રી એસ. જયશંકરે વૈશ્વિક શાંતિ, સ્થિરતા, સમૃદ્ધિ માટે ભારતની પ્રતિબદ્ધતાનો પુનઃરોચ્ચાર કર્યો છે.

ગઇકાલે સુરત ખાતે વિદેશ નીતી વિષય પર આયોજીત ઉદબોધનમાં બોલતા શ્રી જયશંકરે વિકસીત ભારતની યાત્રામાં ગુજરાતના વિશાળ યોગદાનનો ઉલ્લેખ કર્યો હતો.

તેમણે દેશની વિદેશનીતીની સુક્ષ્મ જટિલતા અંગે અને રાષ્ટ્રીય હિતોને આગળ વધારવામાં તથા વૈશ્વિક ભાગીદારીને પ્રોત્સાહન આપવામાં વિદેશ નીતીને ભૂમિકા વિશે ચર્ચા કરી હતી.

GCCI ના પ્રમુખ અજય પટેલે દેશની આર્થિક ક્ષમતા વધારવા વિદેશનીતી માળખાની મજબૂત ભૂમિકા પર ભાર મુકતા કઠિન સમયમાં અન્ય દેશોમાંથી ભારતીય નાગરિકોની સલામતી – સુખાકારી અને સફળ સ્થળાંતર સુનિશ્ચિત કરવા બદલ વિદેશ મંત્રાલયની પ્રશંસા કરી હતી.

.................

## AMUL DAIRY

અમૂલ ડેરીએ વર્ષ 2023-24માં નવ ટકા વધારા સાથે 12 હજાર 880 કરોડ રૂપિયાનું ટર્નઓવર કર્યું છે.

અમૂલ ડેરીના ચેરમેન વિપુલ પટેલે આણંદ ખાતે પત્રકાર પરિષદમાં આ જાણકારી આપતા જણાવ્યું કે, વર્ષ 2023-24માં અમૂલ ડેરીનું ટર્ન ઓવર 12 હજાર 880 કરોડ રહ્યું છે.

તેમણે કહ્યું કે, ગત વર્ષની સરખામણીએ ટર્ન ઓવરમાં નવ ટકાનો અને દૂધ સંપાદનમાં 15  ટકાનો વધારો થયો છે. તેમણે કહ્યું કે, દૂધ ઉત્પાદકતા વધારવા અને મહત્વકાંક્ષી લક્ષ્યો હાંસલ કરવા અમૂલ ડેરીમાં અત્યાધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરાય છે.

તેમણે કહ્યું કે, આ વર્ષે મહારાષ્ટ્રના પૂણે સહિત અન્ય રાજ્યોમાં અમૂલ ડેરીના નવા પ્લાન્ટ ઊભા કરવાની તેમ જ નવી પ્રોડક્ટ લોન્ચ કરવાની તૈયારીઓ ચાલી રહી છે.

આ ઉપરાંત તેમણે આ વર્ષે ડેરી પશુપાલકોને દૂધના ભાવ વધારી અપાશે તેમ પણ જણાવ્યું હતું.

.................

## HELP CENTER

ધોરણ 12 પછી યુજી કોર્સીસમાં પ્રવેશ માટે કોમન એડમિશન પોર્ટલ પર નોંધણી માટે 471 હેલ્પ સેન્ટરો જાહેર કરાયા છે.

ઉલ્લેખનીય છે કે, એડમિશન પોર્ટલ પર 471 કોલેજોમાં શરૂ કરાયેલા હેલ્થ સેન્ટરોની યાદી જાહેર કરાઈ છે. આ હેલ્પ સેન્ટરમાં વિદ્યાર્થી નોંધણી પણ કરાવી શકશે તથા ડોક્યુમેન્ટ વેરીફિકેશન પણ કરાવી શકશે. વિદ્યાર્થીને નોંધણી સંબંધી કોઈ પણ મુશ્કેલી હોય તો હેલ્પ સેન્ટરમાં જઈ શકશે. જાહેર કરાયેલી યાદી મુજબ અમદાવાદ જિલ્લામાં સૌથી વધુ 71 હેલ્પ સેન્ટરોની સુવિધા ઊભી કરાઈ છે.

દરમિયાન, કોમન એડમિશન પોર્ટલ પર ગઇકાલે વધુ બે હજાર જેટલા વિદ્યાર્થીઓ રજિસ્ટ્રેશન કરાવતા અત્યાર સુધીમાં 4500 જેટલા વિદ્યાર્થીઓનું યુજી કોર્સીસમાં પ્રવેશ માટે રજિસ્ટ્રેશન થયું છે.

.................

## GSEB

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા ગત ૩૧ માર્ચના રોજ લેવાયેલી ગુજકેટ પરીક્ષાના વિવિધ વિષયોના પ્રશ્નપત્રોની પ્રોવિઝનલ આન્સર કી બોર્ડની વેબસાઇટ પર મુકવામાં આવશે.

આ આન્સર કી અંગે વિદ્યાર્થીઓ તેમની કોઇ રજુઆત હોય તો તે નિયત નમુનમાં આગામી છ એપ્રિલ સુધી જરૂરી આધારો સાથે ફોર્મ ભરી ઇ-મેઇલના માધ્યમથી રજુ કરી શકશે.

વધુ માહિતી બોર્ડની વેબસાઇટ www.gseb.org પરથી મળી રહેશે.

.................

## NIOS, Time sheet

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ઓપન સ્કૂલિંગ -NIOSએ  આગામી એપ્રિલ અને મે મહિનામાં યોજાનારી  થિયરી પરીક્ષાઓ માટે તારીખ અને વિષય મુજબ સમય પત્રક બહાર પાડ્યું છે.

જે અંતર્ગત ધોરણ 10 અને 12ની પરીક્ષા 6 એપ્રિલથી શરૂ થઈ 22મી મે સુધી યોજાશે. પ્રવેશ પત્ર અને પરીક્ષા સંબંધિત વધુ માહિતી માટે NIOSની વેબસાઈટ પર મુકવામાં આવી છે.

.................

## WORLD AUTISM AWARENESS DAY

પાટણના ક્ષેત્રિય વિજ્ઞાન કેન્દ્ર ખાતે ગઇકાલે વિશ્વ ઓટીઝમ જાગૃતિ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

અમારા પાટણ જિલ્લાના પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે કે કાર્યક્રમમાં નિષ્ણાતો દ્વારા ચર્ચા અને વૈજ્ઞાનિક પ્રદર્શનના માધ્યમ થી સહભાગીઓને ઓટીઝમ ની વિકૃતિ ધરાવતા લોકો વિશે જાગૃતિ કેળવાય તે હેતુથી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉપરાંત ઓટીઝમ ધરાવતા લોકોની સમજણ અને સ્વીકૃતિ વધારવા અને સમાજમાં સંપૂર્ણ રીતે ભાગ લેવાના તેમના અધિકારોને સમર્થન આપવા વિશે લોકોને માહિતગાર કરવામાં આવ્યા હતા .

.................

## DIV TALIM

દાદરા અને નગર હવેલી અને દમણ અને દીવના શિક્ષણ વિભાગના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા દીવ ખાતે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો માટે અદૃશ્ય દિવ્યાંગતા પર વ્યાપક તાલીમ કાર્યક્રમ યોજાઈ ગયો.

અમારા દિવના પ્રતિનિધિ ભારતી રાવલ જણાવે છે કે આ કાર્યક્રમનો હેતુ વિવિધ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા વિદ્યાર્થીઓની જરૂરિયાતોને પૂરી કરવામાં શિક્ષકોની સમજ અને કૌશલ્યને વધારવાનો છે. જેમાં 85 શિક્ષકોએ સક્રિયપણે ભાગ લીધો હતો.

.................